પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી.
ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

## પ્રેસનોટ.

## ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ વેચાણ કરતા તમાકુ અધીનીયમના કેસો શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ"ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ ગેરકાયદેસર વેચાણ કેસો શોધી કાઢી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ અમો સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈન્સ એસ.જે.ચૌહાણ તથા બીજા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે તમાકુ અધીનિયમ ૨૦૦3 ની સખત અમલવારી કરવા સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી નીચે જણાવેલ પાન પાર્લરના દુકાનદારો પાસેથી નીચે મુજબના ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ ગેરકાયદેસર વેચાણ કરતા આજરોજ તા-૧૩/૦૯/૨૦૧૯ ના રોજ મળી આવેથી કાયદેસર કાર્યવાહી કરી તમાકુ અધીનીયમનના બે કેસો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૧૩/૦૭/૨૦૧૯.

(૧) ઓઢવ વિરાટનગર ઉત્સવ પાન પાર્લર દુકાનદાર મુકેશભાઈ ગોપાલદાસ જાતે ગુપ્તા ઉ.વ ૫૦ રહે.મ.ન. ડી/૩૦૪ કે.પી હાઇટ વિરાટનગર અમદાવાદ શહેર નાઓની દુકાનમાંથી ભારતીય પ્રતિબંધીત સિગારેટ તથા ટોબેકો પ્રોડક્ટ્સની (૧) DJARUM BLACK એક પેકેટમા ૧૮ નંગ સિગારેટ કી.રૂ.૨૧૬/- ગણી તથા નં-(૨) GUDANG GARAM એક પેકેટમા ૧૨ નંગ સિગારેટ કીરૂ.૧૫૬/- ગણી કુલ્લે કીરુ.૩૭૨/- ના મતાનો મુદ્દામાલ સાથે માળી આવેલ

(૨) ઓઢવ વિરાટનગર અભિષેક પાન પેલેસ દુકાનદાર રાજેશભાઇ ચીરંજીલાલ જાતે શર્મા, ઉ.વ ૪૨ રહે.મ.નં. ૪૨, અવકાશ સોસાયટી, નવલખા બંગ્લાની પાછળ, ભીંડભંજન, બાપુનગર, અમદાવાદ શહેર નાઓની દુકાનમાંથી ભારતીય પ્રતિબંધીત સિગારેટ તથા ટોબેકો પ્રોડક્ટ્સની નં.૧. DJARUM BLACK ના સિંગારેટના પેકેટ નંગ-૧૫ કી.રુ.૩૯૦૦/- ગણી તથા નં.૨. GUDANG GARAM ના સિગારેટના નંગ-૫ કી.રુ.૮૦૦/ ગણી મળી કુલ્લે કીરુ.૪૭૦૦/- ના મતાના મુદ્દામાલ સાથે મળી આવેલ.